# અધ્યયન નિષ્પત્તિ (દ્વિતિય સત્ર)

## ધોરણ : 4 વિષય : પર્યાવરણ

| એકમ | નિષ્પત્તિ ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|---|
| 14. રાજુનું ખેતર<br>22. પટોળાં | EV405 | રોજિંદા જીવનમાં ખેતી, બાંધકામ, કલા અને હસ્તઉદ્યોગ વગેરેનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓ)ની ભૂમિકાઓનું મહત્વ વર્ણવે છે. |
| 14. રાજુનું ખેતર<br>15. બજારથી ઘર સુધી<br>18. ગામ ગામના પાણી<br>20. ખોરાક અને મજા | EV406 | ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા ( ઉદા. મૂળ સ્રોતથી ઘર સુધી , અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધીકરણ અને વપરાશ માટેની રીતો ) સમજાવે છે. |
| 15. બજારથી ઘર સુધી | EV409 | ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે. પ્રમાણિત અને બિન પ્રમાણિત એકમો (જેમકે કિલોગ્રામ, ગજ, પગલાં, ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા (અંતર, વજન, સમય)નો અંદાજ કાઢે છે તથા સાદા અને હાથવગા ઉપાય દ્વારા કાર્યકરન સંબંધ ચકાસણી કરે છે. |
| 16. કામનો મહિનો | EV402 | પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતા ઓળખે છે. (જેમકે ચાંચ, દાંત,પંજો, કાન, વાળ, માળો, રહેઠાણ વગેરે) |
| 16. કામનો મહિનો<br>17. તેજલ અમદાવાદમાં | EV404 | મોટા કે નાના સમૂહમાં રહતા પ્રાણીઓ (જેમકે કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતા પક્ષીઓના વર્તનોને તેમજ લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે. |
| 18. ગામ ગામના પાણી<br>23. દેશ પરદેશ | EV410 | પોતાના અવલોકનો, અનુભવો,વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમકે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) ને નોંધે છે તથા પ્રવૃતિઓ અને અસાધારણ ઘટનાની આગાહી કરે છે. |
| 18. ગામ ગામના પાણી | EV415 | સ્વચ્છતા અંગેના તથા સંશાધનોના કરકસરયુક્ત અને પુનઃઉપયોગ ,પુનઃનિર્માણ અંગેના ઉપાયો સૂચવે છે. વિવિધ સજીવો (જેમકે વનસ્પતિ, પ્રાણીઓ, વડીલો અને દિવ્યાંગ વ્યક્તિઓ) ની કાળજી લે છે તથા વિવિધ સ્રોતો (જેમકે ખોરાક, પાણી અને જાહેર મિલકતો) ની જાળવણી કરે છે. |
| 17. તેજલ અમદાવાદમાં<br>18. ગામ ગામના પાણી<br>19. સાથે જમીએ<br>21. જગત મારા ઘરમાં | EV414 | જોયેલ અને અનુભવેલ (શાળા / પરિવાર / પડોશની) બાબતો (જેમકે પસંદગી , નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ / મધ્યાહન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળઅધિકારો (જેમકે શાળાએ જવું. બાહ્ય અપમાન, સજા, બાળમજૂરી વગેરે) અંગે અભિપ્રાય આપે છે. |
| 23. દેશ પરદેશ | EV412 | સાઈનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ, સિક્કા) રેલ્વે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે. |
| 24. મસાલેદાર કોયડા | EV401 | આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ , ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણો ( જેવા કે આકાર , રંગ , સુગંધ તે ક્યાં ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે ) ને ઓળખે છે. |
| 15. બજારથી ઘર સુધી<br>24. મસાલેદાર કોયડા | EV408 | અવલોકનક્ષમ લક્ષણોને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. |
| 25. મારો જિલ્લો | EV411 | શાળા કે આસપાસના નકશામાં દર્શાવેલા ચિહ્નો , સ્થળો અને દિશાઓ વગેરે ઓળખે છે અને તેના આધારે માર્ગદર્શન આપે છે. |
| 25. મારો જિલ્લો | EV416 | નકશામાં પોતાના જીલ્લાની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. (જેમકે જોવાલાયક અને મહત્વના સ્થળો, નદીઓ, ખેતી, ઉદ્યોગો વગેરે) |